વાર્ષિક લવાજમ રૂા. ૫૦

રાષ્ટ્રવિકાસમાં મહિલાઓને સંયોજતું ‘સેવા’નું પાક્ષિક મુખપત્ર

# અનસૂયા

Anasooya (Gujarati Fortnightly)

વર્ષ - ૪૪ : અંક - ૧૩ ✻ આદ્યતંત્રી : સ્વ. જયન્તિકાબહેન જયન્તભાઈ ✻ તંત્રી : નમ્રતા બાલી ✻ પ્રકાશન : જુલાઈ ૬, ૨૦૨૬

# પ્રવાસી કામદારોનાં બાળકોને પાછો મળ્યો શિક્ષણનો અધિકાર

શિક્ષણ દરેક બાળકનો મૂળભૂત અધિકાર છે, પરંતુ આ હક મેળવવા માટે પણ શું બાળકોએ સંઘર્ષ કરવો પડે ? રોજી-રોટીની શોધમાં માતા-પિતા સાથે બીજાં અજાણ્યાં શહેરો કે, રાજ્યોમાં આવતાં કેટલાંય બાળકો આ અધિકારથી વંચિત રહી જાય છે. મોટાં શહેરોમાં માતા-પિતાને રોજગારી તો મળી જાય છે, પણ કાગળો અને પુરાવાઓના અભાવે બાળકો શાળાના પ્રવેશથી દૂર રહી જાય છે.

આપણી શિક્ષણ વ્યવસ્થામાં પ્રવેશ માટે જન્મનો દાખલો કે ઓળખના પુરાવાઓ જરૂરી મનાય છે. પરંતુ સ્થળાંતર કરતી વખતે આ દસ્તાવેજો સાથે રાખવા તેની સ્થળાંતરિત શ્રમિક પરિવારોને ખબર હોતી નથી. આ સ્થળાંતરિત બાંધકામ કામદારોમાં સામાન્ય છે. ઘણી વાર તો આધારકાર્ડ પણ બાળકોનાં નથી હોતા. તેમની જરૂરિયાત માત્ર બે ટંકનું ભોજન અને રોજગારી મેળવવાની હોય છે. આ દોડધામમાં ગરીબ મા-બાપની બાળકોને ભણાવવાની ઈચ્છા અને બાળકોની શીખવાની તડપ ક્યાંક દબાઈ જાય છે.

‘સેવા જ્ઞાનકેન્દ્ર’ જે ‘સેવા’ના શ્રમજીવી સભ્યોના બાળકો ભણે તે માટે જ છે. આવા જ પ્રવાસી કામદારોનાં બાળકો માટે આશાનું કિરણ બન્યું છે. કોઈ પણ પ્રકારના જ્ઞાતિ, જાતિ કે પ્રદેશના ભેદભાવ વિના માત્ર કામદારોના ઉત્થાનને જ પોતાનો ધર્મ માનીને આ કેન્દ્રો કાર્યરત છે.

**વાત કરું કરણની...**

અમદાવાદ શહેરના ગુપ્તાનગરમાં રહેતા કરણ ઝાલાનાં માતા-પિતા કડિયાકામ કરે છે. તેઓ મૂળ અમદાવાદ જિલ્લાના માંડલ ગામના વતની છે અને હાલ વાસણામાં રહે છે. કરણને શરૂઆતમાં અક્ષરજ્ઞાન પણ નહોતું. ‘સેવા જ્ઞાનકેન્દ્ર’નાં વિદ્યાગૌરીબહેને ‘સેવા જ્ઞાનકેન્દ્ર’ની પ્રવૃત્તિઓની માહિતી આપી ને કરણને જ્ઞાનકેન્દ્રમાં જોડયો. શરૂઆતમાં ડર અને સંકોચ અનુભવતો કરણ આજે એક વર્ષની અંદર સરસ રીતે વાંચતા-લખતાં શીખી ગયો છે. ‘સેવા જ્ઞાનકેન્દ્ર’ થકી અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન સંચાલિત શાળામાં તેને ધોરણ-૧માં પ્રવેશ પણ મળી ગયો છે.

**નીલમબહેનનાં બાળકોનું પુનઃશિક્ષણ**

ઈદગાહ ‘શાંતિપથ’ કેન્દ્ર ખાતે ઉત્તર પ્રદેશથી આવેલાં નીલમબહેન પોતાના પરિવાર સાથે રહે છે. તેમના પતિ પેડલ રિક્ષા ચલાવે છે અને નીલમબહેન દોરા કટિંગનું કામ કરે છે. ‘સેવા’ તાલીમ કેન્દ્ર પર સિલાઈ શીખવા આવતાં નીલમબહેનને પોતાનાં બાળકોનું અધૂરું છૂટી ગયેલું ભણતર યાદ આવ્યું અને તેમના બાળકોને ‘જ્ઞાનકેન્દ્ર’માં મોકલવાનું શરૂ કર્યું. અહીં ગુજરાતી મૂળાક્ષરો અને બારાખડીનો પાયો પાકો કરાવી શાળાની યોગ્યતા પરીક્ષા અપાવી. જેથી પ્રિયાંશુને ધોરણ-૪, વૈષ્ણવીને ધોરણ-૨ અને પ્રાંજલને ધોરણ-૧માં મ્યુનિસિપલ શાળામાં પ્રવેશ મળ્યો. નવો ગણવેશ પહેરીને શાળાએ જતાં બાળકો અને તેમનાં માતા-પિતાના ચહેરા પર અનોખો હરખ છવાઈ ગયો.

**બિહારથી આવેલાં બાળકોનો શાળાપ્રવેશની વાત માંડુ તો,**

બાપુનગર વિસ્તારમાં બિહારથી આવેલા કામદારોના કુટુંબનાં બાળકો - રાહુલ, બ્યૂટી, બરખા, આયુષ અને અનુષ્કા -ભાષાની તકલીફને કારણે બે વર્ષથી ઘરમાં જ પુરાઈ રહેતાં હતાં. બહાર રમવા જતાં પણ અન્ય બાળકો સાથે ભળી શકતાં નહોતાં. તેમનાં માતા-પિતા ઝરીકામ, ખાટલા ભરત અને ટિફિન બનાવવાનું કામ કરે છે. આ બાળકોની સ્થિતિ સમજી તેમના પ્રવેશ માટે પહેલ કરી. અન્ય રાજ્યની જૂની શાળાઓનો ઈ-મેલ દ્વારા સંપર્ક કરી સ્કૂલ લીવીંગ સર્ટીફિકેટ મંગાવ્યાં અને ઓળખના પુરાવાને લગતી જરૂરી પ્રક્રિયા કરાવી કોર્પોરેશનની શાળામાં બધાં બાળકોના દાખલ કરાવ્યા.

જ્યાં સુવિધાઓ છે ત્યાં કદાચ ભણવાનો ઉત્સાહ ઓછો દેખાય, પણ જ્યાં શ્રમિક પરિવારોમાં ભણવાની ધગશ છે ત્યાં વ્યવસ્થાકીય અડચણો સામે 'સેવા' શ્રમજીવી સભ્યોના બાળકોના ઉજ્જ્વળ ભવિષ્યનો માર્ગ કંડારી રહી છે.

**- પૃથા**

❑

## 'સેવા'ને મળ્યો 'સંતોકબા માનવરત્ન એવોર્ડ'

# ૩૭ લાખ શ્રમજીવી બહેનોનાં સંઘર્ષ અને સ્વાવલંબનની કદર

૧૩ જૂન, ૨૦૨૬ના રોજ સુરત સ્થિત 'શ્રી રામકૃષ્ણ નોલેજ ફાઉન્ડેશન' (SRK) દ્વારા 'સેવા'ને પ્રતિષ્ઠિત 'સંતોકબા માનવરત્ન એવોર્ડ' એનાયત કરવામાં આવ્યો. આ એવોર્ડ રાજ્યસભાના ઉપસભાપતિ હરિવંશ નારાયણ સિંહના હસ્તે 'સેવા'ના રીમાબહેન નાણાવટીએ સ્વીકાર્યો હતો. આ સમારોહમાં ગુજરાતના નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી, ફાઉન્ડેશનના સ્થાપક ગોવિંદભાઈ ધોળકિયા, ચેરમેન શ્રેયાંસભાઈ ધોળકિયા, નિવૃત્ત નેવી એડમિરલ હરિહરન તથા ઇસરોના પૂર્વ ચેરમેન એ. એસ. કિરણકુમાર સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

રીમાબહેને આ પ્રસંગે જણાવ્યું હતું, ''સેવા'ને મળેલું આ સન્માન વાસ્તવમાં 'સેવા' સંગઠનની૩૭ લાખ શ્રમજીવી બહેનોની મહેનત અને સ્વાવલંબનની કદર છે. વર્તમાન વૈશ્વિક પરિસ્થિતિમાં કોઈ પણ જ્ઞાતિ, જાતિ કે ધર્મના ભેદભાવ વગર શ્રમજીવી બહેનો સંગઠિત થઈ ગરીબી સામે લડી રહી છે અને દેશનિર્માણમાં યોગદાન આપી રહી છે. જ્યારે ગરીબ બહેનોના હાથમાં કામ હોય છે, ત્યારે સમાજમાં શાંતિ આપોઆપ સ્થપાય છે. 'સેવા' જેટલી અમદાવાદની છે તેટલી જ સુરતની પણ છે, કારણ કે 'સેવા'નાં સ્થાપક ઈલાબહેન ભટ્ટ સુરતના જ વતની હતાં.'

## ''ખેતરથી આકાશ સુધીની મારી સફર'' એક શ્રમજીવી બહેનના જીવનમાં અદ્‌ભુત બદલાવ

સુરતમાં સંતોકબા એવોર્ડ સમારોહમાં સહભાગી થવાનો મારો અનુભવ અવિસ્મરણીય રહ્યો છે. જો હું 'સેવા' સાથે ન જોડાઈ હોત, તો મારું જીવન ઘર અને ખેતરની ચાર દીવાલો વચ્ચે જ સીમિત રહી જાત. આજે ૩૭ લાખ સભ્યોના સંગઠન વતી આ ગૌરવ સ્વીકારવાની તક મળી તે મારા માટે સપના જેવું છે.

અમદાવાદ ખાતે 'આશિષ'ના બંગલે અમને માવતર જેવો જ સ્નેહ અને આતિથ્ય મળ્યાં. આ પ્રવાસ દરમિયાન થયેલી પહેલી વિમાન મુસાફરીનો અનુભવ પણ અનોખો હતો. અમદાવાદથી સુરત જવા માટે જ્યારે નાના વિમાનમાં બેસવાનું થયું, ત્યારે શરૂઆતમાં ઘણો ડર હતો કે, આટલું નાનું પ્લેન આપણું વજન ઊંચકી શકશે કે કેમ ! પાઇલટને આટલી નજીકથી પ્લેન ઉડાડતાં અને બટનો દબાવતાં જોઈને નવાઈ લાગતી હતી. પરંતુ વિમાન જ્યારે સુરત એરપોર્ટ પર હેમખેમ ઊતર્યું, ત્યારે મનમાં અનોખો સાહસ અને ખુશી થઇ.

ટીવી પર પેનલ ચર્ચા જોતી હું આજે હજારો લોકોની સામે બેસીને વિરોધ કે સંઘર્ષ વગર સંવાદથી પ્રશ્નોના ઉકેલ લાવવાની 'સેવા'ની વિચારધારા આ પ્રસંગે રજૂ કરી શકી. અહીં ગોવિંદભાઈ ધોળકિયાનું જીવન જોઈને સમજાયું કે, પ્રગતિ માટે માત્ર ડિગ્રી કે પૈસા જ નહીં, પણ નિષ્ઠા, ઈશ્વર પર શ્રદ્ધા અને લોકો પ્રત્યેની સંવેદના પણ એટલી જ જરૂરી છે. તેમજ દૃષ્ટિહીન હોવા છતાં ઊંચા લક્ષ્યાંકો સિદ્ધ કરનાર શશિકાંતભાઈનું વ્યક્તિત્વ અત્યંત પ્રેરણાદાયી લાગ્યું તેમ રમીલાબહેન, ખેતમજૂર અને 'સેવા'ના પ્રમુખે જણાવ્યું.

'સેવા'નાં ઉપપ્રમુખ હીનાબહેને જણાવ્યું હતું કે, ૧૨ અને ૧૩ જૂન એમ બે દિવસ દરમિયાન અમારો સુરત પ્રવાસ ખૂબ પ્રેરક રહ્યો. ૧૨મી જૂને અમે સુરતની 'કિરણ હોસ્પિટલ' શ્રી રામકૃષ્ણ નોલેજ ફાઉન્ડેશનની મુલાકાત લીધી. ત્યાં જટિલ રોગોની ઉત્તમ સારવાર ઉપલબ્ધ છે.

બીજા દિવસે એવોર્ડ સમારોહ દરમિયાન ગોવિંદભાઈ ધોળકિયાના સંઘર્ષની વાત જાણી. માત્ર છ ચોપડી ભણેલા ગોવિંદભાઈ ૧૩ વર્ષની ઉંમરે અમરેલી જિલ્લાના દુધાળા ગામથી ૪૦૦ રૂપિયા ઉછીના લઈને સુરતમાં હીરા ઘસવાની મજૂરી કરવા આવ્યા હતા. તેમની અથાક મહેનતથી તેમણે વિશાળ વ્યાવસાયિક સામ્રાજ્ય ઊભું કર્યું. તેમના પૂજ્ય માતા સંતોકબા અત્યંત દયાળુ અને પરોપકારી હતાં. માતાનું નામ અમર કરવા અને સમાજસેવકોના કાર્યને બિરદાવવા તેમણે બાનાં નામે 'સંતોકબા માનવરત્ન એવોર્ડ' શરૂ કર્યો છે.

સંગઠનમાં જે શક્તિ છે તે આપણને કોઈપણ આપત્તિ સામે લડવાની હિંમત આપે છે, અને 'સેવા' આ જ વિચાર સાથે આગળ વધી રહી છે.

❑

## મારી કાશ્મીરની અનુભવ યાત્રા

હમણાં આપણા કાશ્મીરના સભ્યોને મળવાનું થયું. આટલા વર્ષોમાં સભ્યોના જિલ્લામાં 'સેવા' થકી જે બદલાવ આવ્યો છે તે સાંભળીને ખૂબ જ આનંદ થયો અને સભ્યો જે સંઘર્ષમાંથી બહાર આવ્યા છે તે સાંભળીને આંખો ભરાઈ આવી. કાશ્મીર કે, જે હંમેશા સરકાર અને અન્ય સાથે સંઘર્ષ માટે સમાચારમાં હોય છે. ત્યાં બહેનોનો જીવન સંઘર્ષ અલગ જ છે. ઘરથી ભાઈ બહેનના ભેદભાવથી લઈને સમાજના ભેદભાવનો સામનો કરી રહ્યા છે. દરેક બહેનની પોતાની એક વાર્તા છે.

ગાંદરબલના હાફિઝાબહેન કહે છે કે, મારું જીવન સુખી હતું. મેં અને મારા પતિએ ખૂબ જ મહેનત કરીને અમારું ઘર બનાવ્યું હતું. જેમાં અમે અમારા દીકરા સાથે ખુશીથી રહેતા હતા. એક દિવસ અમે બહાર હતા ત્યારે અચાનક અમારા ઘરમાં આગ લાગી ને બધુ જ બળીને રાખ થઇ ગયું. આઘાત લાગ્યો, પણ ફરીથી અમે પ્રયત્ન કરીને ઘર બાંધવાની મહેનત શરૂ કરી. ત્યાં અચાનક મારા દીકરાનું અવસાન થયું. આ આઘાત મારા માટે અસહ્ય બન્યો અને હું આઘાતમાં સરી પડી. કોઈ જ સુધબુધ નહીં અને આખો દિવસ ઘરમાં એકલી બેસી રહેતી. એવામાં 'સેવા'ના મુતાહીરાબહેન આવ્યા અને મારી સાથે બેઠા પણ, હું વાત ના કરી શકી. બીજી વાર આવ્યા અને 'સેવા'માં આવવાનું કીધું. એ પણ કીધું કે, ત્યાં બધા બહેનો આવે છે તમે તેમને મળશો તો સારું લાગશે, ગમશે. ફક્ત આવીને બેસજો. હું ગાંદરબલ સેન્ટર ગઈ. બહેનોને મળી. મારું મન હળવું થવા લાગ્યું ધીરે ધીરે માનસિક સ્વસ્થતા આવી.

હું જો 'સેવા'માં ના આવી હોત તો હું પાગલ થઈ જાત. 'સેવા' એ મારું ઘર છે. બધા બહેનો સાથે મળી વાત કરવાની અને કામ કરવાની ખૂબ જ મજા આવે છે. મારા જીવનમાં સ્થિરતા લાવવા માટે હું 'સેવા'ની આભારી છું.

હું ૨૦૧૯માં કાશ્મીર ગઈ હતી. પણ મને આ વખતનું કાશ્મીર અલગ લાગ્યું. કાશ્મીરના લોકોની અલગ મનોદશા અનુભવી. એક બાજુ પરિસ્થિતિ થાળે પડી રહી છે. તેવો આશાવાદ અને અસ્થિરતાનો પણ ભય ખરો. લોકો પણ પૂછીએ તેટલું જ બોલે અને જણાવે કે જેમ કે કાંઈ વધારે પડતું બોલાય ના જાય.

કાશ્મીરના શહેરોની પ્રજાની અલગ આશા અને ગ્રામ્ય જીવનની અલગ વાસ્તવિકતા વચ્ચેનું કાશ્મીર અનુભવવા મળ્યું. કુદરતી સૌંદર્ય અને કલાકારીમાં ખૂબ જ ધનિક છે. પણ ત્યાંના ગ્રામ્ય અને પહાડી લોકો ખૂબ જ ગરીબ છે. તેઓ પોતાનું દિલ ખોલતા નથી, પણ રોજબરોજનો આર્થિક સંઘર્ષ તેમના ચહેરા ઉપર સ્પષ્ટ દેખાય... મને નવું કાશ્મીર ખૂબ જ સારું લાગ્યું. વધારે મુક્ત અને થોડું પ્રગતિશીલ પણ, લોકોને શાંતિ અને રોજગારીમાં જ રસ હોય તેવું લાગ્યું. આપણા કામ માટે બહેનોના જીવનના સંઘર્ષ જે આત્મસાદ કરીએ છીએ. પણ પ્રવાસી તરીકે આ વખતે મેં કાશ્મીરના જન જીવનને આત્મસાદ કર્યું અને અનુભવનું જે અલગ અને સુખદ લાગ્યું.

**- નીતા ત્રિવેદી**

❑

# આભ ફાટ્યું ને આશાઓ ડૂબી: અમદાવાદ જિલ્લામાં વરસાદી આફતની કરુણ કથા

છેલ્લા ઘણા સમયથી ખેડૂતો આતુરતાથી વરસાદની રાહ જોઈ રહ્યા હતા. ચોમાસાની શરૂઆતમાં વરસાદના એંધાણ નહોતા પણ અચાનક કુદરતે કરવટ બદલી. વરસાદનું આગમન થતાં લોકોને ખેડૂતોમાં ખુશીની લહેર ફરી વળી. ડાંગરના ધરું તૈયાર કરનારાઓએ રોપણી શરૂ કરી અને કપાસની વાવણી પણ ધમધોકાર ઊપાડી. ખેડૂતોના ચહેરા પર આશાનું સ્મિત ખીલી ઊઠ્યું.





ગીતાબહેનના ઘરમાં ગોઠણસમા પાણી ભરાયા

જોકે, કુદરત સામે માણસ લાચાર છે. ૨૨મી તારીખથી જિલ્લામાં મેઘરાજાએ રૌદ્ર સ્વરૂપ ધારણ કર્યું. તોફાની પવન સાથે એક જ દિવસમાં અંદાજે ૧૮થી ૨૦ ઇંચ જેટલો વરસાદ ખાબકતાં જે વરસાદ આશીર્વાદરૂપ લાગતો હતો, તે જોતજોતામાં આફત બની ગયો.

અમદાવાદ જિલ્લાના ધોળકા, બાવળા, વિરમગામ અને સાણંદ તાલુકાનાં અનેક ગામો જળબંબાકાર થઈ ગયાં. ધોળકાના પીસાવાળા, ત્રાંસદ, ભેટાવાળા, ઈંગોલી, વીરડી, કૌકા, સીમેજ, રામપુર, જલાલપુર, અંબલીયારા અને રાજપુર સહિતનાં ૩૦થી ૪૦ ગામોમાં તળાવો છલકાઈને પાણી ઘરોમાં ઘૂસી ગયાં. વિરમગામ તાલુકાના થુલેટા વિસ્તારનો ચેકડેમ તૂટતાં આસપાસનાં ૧૦થી ૧૨ ગામો તેમજ નળકાંઠા વિસ્તારમાં ગંભીર પરિસ્થિતિ સર્જાઈ.

રસ્તાઓ પર છાતી સમાણાં પાણી ભરાતાં વાહનવ્યવહાર ઠપ થઈ ગયો. શાળા-કોલેજો અને નોકરી-ધંધે ગયેલા લોકોને ટ્રેક્ટર મારફતે સુરક્ષિત ઘરે લાવવા પડ્યા. જ્યાં થોડા દિવસ પહેલાં વાવણી થઈ હતી, તે ખેતરો જાણે દરિયામાં ફેરવાઈ ગયાં ! ત્રણ દિવસ સુધી વીજળી ડૂલ થઇ જતાં સંપર્ક પણ તૂટી ગયો. સૌથી કફોડી હાલત પશુઓની થઈ; ઘાસચારો અને પાણીના અભાવે તેમજ સમયસર દોહવા ન મળવાથી અબોલ જીવો પીડાથી ભાંભરવા લાગ્યા અને બીમાર પડ્યા. દૂધ મંડળીઓ બંધ રહેતાં લોકોને ચા મેળવવી પણ મુશ્કેલ બની ગઈ.

આ જળપ્રલયમાં સામાન્ય શ્રમજીવીઓની રોજગારી પર ગંભીર ફટકો પડ્યો છે:

વર્ષાબહેન રણછોડભાઈ ચાવડા (કાવિઠા ગામ, તા. બાવળા): રાજોડા પાટિયા પર ચા-નાસ્તાની કિટલી ચલાવી ગુજરાન ચલાવતાં વર્ષાબેનનો ગલ્લો પાણીમાં ગરકાવ થયો. વાસણો તણાઈ ગયા અને ગેસની સઘડી બગડી ગઈ. પાણી ક્યાંય સુધી ઓસર્યાં ન હોવાથી તેમની આજીવિકા છિનવાઈ ગઈ છે.

ગીતાબહેન કાન્તીભાઈ કોળી પટેલ (કેશવપુરા ગામ, તા. વિરમગામ): સિલાઈ કામ કરતા ગીતાબહેનના ઘરમાં અંધારી રાતે ગોઠણસમા પાણી ભરાઈ ગયાં. ૫ વર્ષના દીકરાને ખાટલા પર ખુરશી મૂકીને બેસાડ્યો. પગમાં સાપ (ગંડોળા) વીંટળાવાની બીક વચ્ચે પણ દંપતીએ ઘરમાંથી પાણી ઉલેચ્યું. બે દિવસ સુધી માત્ર કોરો નાસ્તો ખાઈ પરિવાર ટકી રહ્યો. તેમનું સિલાઈ મશીન બગડી જતાં હવે તેને રિપેર કરાવવા મદદની જરૂર છે.

પુનિતાબહેન (સીમેજ ગામના વતની, હાલ માફલીપુર, ધોળકા): બાળકોના શિક્ષણ માટે ધોળકામાં ભાડે રહેતા પુનિતાબહેન સિલાઈ કામ સાથે મટિરિયલ વેચાણ અને અન્ય બહેનોને તાલીમ આપવાનું કાર્ય કરે છે. તેમણે 'સેવા' મારફતે રૂ. ૫૦,૦૦૦ની લોન લઈ સાત નવાં મશીન અને માલસામાન ખરીદ્યાં હતાં. જોતજોતામાં દુકાન માથા સમા પાણીમાં ડૂબી જતાં નવો માલ અને ગ્રાહકોનાં કપડાં કાદવ-કીચડમાં ખરાબ થઈ ગયાં. ઘરમાં પણ પાણી ભરાઈ જતાં ભારે નુકસાન થયું. જૂની લોનના હપ્તા બાકી હોવા છતાં ફરી ધંધો શરૂ કરવા તેઓ આર્થિક મૂંઝવણમાં મુકાયાં છે.

આવા કપરા સમયે 'સેવા'ના આગેવાનો અને સરપંચો દ્વારા ગામલોકોનો સંપર્ક કરી શાળાઓ તથા ઊંચાણવાળા વિસ્તારોમાં આશ્રય આપવામાં આવ્યો. ઝોલાપુર ગામના કૈલાસબહેને ગળગળા અવાજે જણાવ્યું કે આ આફતમાં મુલાકાત લઈ ખબરઅંતર પૂછવા માત્રથી પણ મોટો ટેકો મળ્યો છે.

કુદરત સામે માનવીની લાચારી ફરી છતી થઈ છે. જીવન માટે અમૃત સમાન વરસાદ જ્યારે વધારે પડતો વરસે ત્યારે તે આશીર્વાદમાંથી કેવી વિનાશક આફત બની જાય છે, તેનો આ જીવંત પુરાવો છે.

**- મંજુલા પાઠક**

❑

## પ્રવાસી કામદારોને વરસાદ ભારે પડે છે..

તાજેતરમાં અમદાવાદ શહેરમાં વરસાદ આવ્યો તે પણ મોડો આવ્યો ને જોરદાર આવ્યો. બધે જ પાણી પાણી કરી નાખ્યું છે. અમદાવાદ જાણે પાણીમાં ગરકાવ થઈ ગયુ હોય તેમ લાગે છે.

રામોલ વિસ્તારમાં પ્રવાસી બાંધકામ કામદારોની વસાહત છે જેઓ ઝૂંપડા બાંધીને રહે છે. એવા આશરે ૩૦ ઘરો છે અને આ કામદારો 'સેવા'ના સભ્યો છે. વસાહતમાં અતિશય વરસાદને લીધે પાણી ભરાઈ ગયા હતા. તાડપત્રી બાંધેલા ઘરોમાં પાણી ભરાઈ ગયા હતા, જેથી તેમાં રહેતા લોકો ખાટલા મૂકીને તેના પર બેઠા વરસાદ રોકાવાની રાહ જોઇ રહ્યા હતા. બીજા દિવસે પાણી ઉતર્યા. ઘરમાં જે સીધુ-સામાન હતો તે વરસાદને લીધે પલળી ગયો હતો. આખી વસાહતમાં પાણી પાણી અને કાદવ કીચડ થઈ ગયો હતો. વસાહતમાં રહેલા લોકો પાસે ખાવાની કોઇ ચીજ-વસ્તુ સારી રહી નહોતી કે ના તો ઘરનો કોઈ સામાન.

આવામાં 'સેવા'ના આગેવાન બહેનોએ વસાહતના બહેનો સાથે ફોનથી સંકલન કરી તેમની પરિસ્થિતિ જાણી અને તેમના ઘરે જઈને સઘળી પરિસ્થિતિ જાણી. ઘણા બેનોને વરસાદનું પાણી ભરાવાથી શરીર પર ઘણી તકલીફ થઇ ગઇ, અમુકને પગમાં પાણી ઉઠયું હતુ, જેથી ચાલી પણ ન હતા શકતા. આંગળા કોહવાઇ ગયેલાં. વસાહતમાં કાદવ બહુ થઇ ગયો હતો જેથી ત્યાં દવાનો છંટકાવ કરાવ્યો અને તાત્કાલિક ધોરણે રાત્રે આરોગ્ય કેમ્પ કરાવી શ્રમજીવી બહેનો-ભાઈઓને તપાસ કરાવી સારવાર કરી. બે દિવસ સવાર-સાંજ ભોજન પહોંચાડવાની ગોઠવણ કરી. ઓ.આર.એસ.ના પેકેટ, ક્લોરીનની ગોળી અને ચામડીની તકલીક વાળાને ટ્યુબથી તેમને રાહત રહી.

વસ્ત્રાલ વસાહતમાં પણ એવી જ હાલત હતી બહેનોની. આ વિસ્તારમાં પાણી બહુ ભરાયા હતા. જ્યાં બહેનોની પાસે સોલાર લાઇટ હતી તેના સહારે જીવજંતુઓથી બચ્યાં ! ભારે વરસાદને કારણે વસાહતમાં રહેતા લોકોને ઘણુ નુકશાન થયુ હતું. ઘરવખરીને ખાવા-પીવાનો સામાન પણ પાણીમાં ખરાબ થઈ ગયો હતો. આથી ત્યાં બહેનોને તાડપત્રી આપી જેથી જે થોડુઘણું બચ્યું હતુ તેને સારી રીતે રાખી શકે.

વસાહતના પરિવારોની સામાજિક કાર્યકરો દ્વારા બહેનોને સીધુ-સામાનની કીટ મળે તે માટેની ગોઠવણ કરી. તેમજ રોગચાળો ના થાય તેના માટે દવાનો છંટકાવ કરાવવામાં આવ્યો.

આ બધુ પ્રવાસી બાંધકામ કામદારો માત્ર અને માત્ર રોજગારી માટે સહી રહ્યા છે. તેમના માટે 'ગુજરાત મકાન અને બાંધકામ શ્રમયોગી કલ્યાણ બોર્ડ' છે. તેમાંથી વાતાવરણના બદલાવને લીધે ભારે વરસાદ અને તાપમાનના વિમા શરૂ થાય તે ખૂબ જરૂરી છે. જેથી તેમને એક સામાજિક સુરક્ષા મળે.

**- ગોમતી**

❑

# સ્વચ્છ પાણી – સ્વસ્થ જીવન – સમૃદ્ધ પરિવાર

શું તમે હજુ પણ પાણી માટે લાંબી કતારમાં ઊભા રહો છો?
શું બોરવેલ, શૌચાલય અથવા બાથરૂમની સુવિધાના અભાવે રોજિંદી મુશ્કેલીઓનો સામનો કરો છો?

## હવે ચિંતા છોડો!






### સેવા બેંક WASH લોન દ્વારા મેળવો:

- સ્વચ્છ અને સુરક્ષિત પાણી માટે બોરવેલ અથવા પાણીની સુવિધા
- ઘરેલું બાથરૂમની સુવિધા
- સ્વચ્છ અને સુરક્ષિત શૌચાલયનું નિર્માણ
- વધુ આરોગ્યપ્રદ અને સન્માનપૂર્ણ જીવન

**સેવા બેંક WASH લોન દ્વારા તમારા પરિવારને આપો સ્વચ્છતા, આરોગ્ય અને પ્રગતિની નવી દિશા**

SERVICES BRANCH BANKING/MOBILE BANKING/FINANCIAL LITERACY/DIGITAL LITERACY/ENTERPRENEURSHIP TRAINING CENYTER

mail@sewa.bank.in sewa.bank.in

# ગામડાના લોકોની કોઠાસૂઝ

પહેલાં ગામડાના ઘર માટીના બનાવાતા. મકાનની પછીતો અને લાઈનમાં છેવાડાના ઘરનો કરો (બાજુની દીવાલ) વરસાદમાં ધોવાતી અટકાવવા છાણમાટીમાં કુંવળના ડાઠા ઉમેરીને કેલ કરતા (લીંપતા). તદ્દુપરાંત દીવાલો પાણીમાં ઓગળીને પડી જતી બચાવવાં લોકો કપાસ કે તુવેરની સૂકી સાંઠીઓ ખપાટામાં ભેગી કરીને ૩-૪ ફૂટ લાંબા તરાપા તૈયાર કરતા. પછી દીવાલ ઉપર લટકાવતા. તેથી વરસાદનું પાણી તરાપા ઉપરથી નીચે સરકી જતું અને દીવાલ ભીની થતી નહિ.

ખંભાત/ચરોતરમાં તાડના તાડછા (પંખા આકારના પાન) ઉપયોગમાં લેવાતા, છાપરા ઉપર પણ.

પહેલાં ખેડૂતો બળદગાડા રાખતા. ચોમાસામાં ઢોર ઢાંખરને કૉઢિયા ઘરમાં બાંધતા. બીજું મકાન ના હોય તો રહેણાંકમાં પણ એક ભાગમાં બાંધતા. હાલમાં તો ઢોર ફરતે મચ્છરદાની પણ બાંધતા જોવા મળે છે.

એ રીતે ગાડાને પણ વરસાદથી બચાવતા. ગાડું ખોલી નાંખતા. કઠોડીને ઓસરીમાં ઉંધી વાળી દેતા અથવા દીવાલે ટેકવી દેતા. ઊધને જોંસરા સાથે ઓસરીમાં આગળના ભાગે આડી બાંધી દેતા. ચોમાસુ પૂરું થતાં ગાડું તૈયાર કરી દેતાં.

ઘર આંગણે ઢાળિયું કરીને નીચે ઢોર બાંધતા.ચોમાસા સિવાય ઢોરના મૂત્રનો નિકાલ કરવા માટે જમીનને ઢાળ આપીને એક ખૂણામાં ખાડો કરીને એમાં ત્રાંસુ માટલું ગોઠવવામાં આવતું. (એને મૂતરછીંડિયું કહેતાં) જેથી ઢોરનું મૂત્ર રસ્તામાં ના જતાં માટલામાં ભેગું થતું. માટલું ભરાઈ જતાં સંકોચ વગર ડબલાથી મૂત્ર કાઢી લઈને ઉકરડામાં ફેંકી આવતાં. છાણને લાકડાની પાવડીથી ભેગું કરી તગારામાં લઇ ઉકરડામાં ભેગું કરવામાં આવતું. જેનો દેશી ખાતર રૂપે ખેતરમાં ઉપયોગ થતો. આ રીતે રસ્તો અને આંગણું સ્વચ્છ રાખતાં.

છાણાને સાચવવા આંગણામાં મોવડું બનાવતાં (પાંચ છ ફૂટ ઊંચા ગોઠવતા) એની ઉપર જાડું લીંપણ કરતા. તેથી વરસાદી પાણી નીચે ઉતરી જતું ને છાણાં કોરા રહેતાં. મારા ગામમાં મહોલ્લા વચ્ચે મોવડા ઉપર દર વર્ષે ઢેલ ઈંડા મુકતી. મોરના બચ્ચા મોટા થતાં ઉડી જતા તે નાનપણમાં જોયેલું.

વરસાદમાં કુતરા પણ લોકોની ઓસરીમાં વિના રોકટોક ટૂંટીયું વાળીને આશ્રય લેતા નજરે પડે ખરા.

વરસાદમાં ઘણા લોકો છત્રીના બદલે કંતાનના કોથળાનો અડધો ભાગ અંદર કરી, બોચલો બનાવીને માથે ઓઢતા હોય છે. વિશેષમાં વરસાદમાં નેવાનું પાણી વાસણોમાં ભેગું કરીને ઉપયોગમાં લેતાં હોય છે. સાચવી રાખેલા પાણી વડે તાંબા-પિત્તળના વાસણો ધોવાથી વિશેષ ચમકે છે.

**- સાભાર - લેખાંક**

❑

# સિલાઈ કામદારોનો ભાવ વધારો
# - સંગઠનની શક્તિ

મારું નામ શીતલબહેન છે. હું અમદાવાદના ઇન્દ્રાનગર વિસ્તારમાં રહેતી સિલાઈ કામદાર બેન છું. છેલ્લા પાંચ વર્ષથી હું 'સેવા' સાથે જોડાયેલી છું. 'સેવા' સાથે જોડાયા પછી મને મારી અને મારા કામની ઓળખ મળી કે હું પણ એક કામદાર બેન છું. પહેલાં જ્યારે કોઈ મને પૂછતું, તમે શું કરો છો ?

ત્યારે હું કહેતી, 'હું તો ઘરનું કામ કરું છું અને સમય મળે ત્યારે થોડું સિલાઈકામ કરી લઉં છું. પરંતુ 'સેવા' સાથે જોડાયા પછી અને ધંધા સમિતિમાં જવાનું શરૂ કર્યા પછી મને સમજાયું કે હું પણ એક મહેનત કરનાર કામદાર બેન છું.'

'સેવા'ની દર મહિનાની ધંધા સમિતિમાં હાજરી આપવાથી શીતલબહેનને ઘણી નવી માહિતી જાણવા અને શીખવા મળી. આ અંગે તેઓ કહે છે, 'મને મળેલી માહિતીના આધારે હું મારા વિસ્તારની બેનોને પણ સમજાવવા અને નવી જાણકારી પહોંચાડવા લાગી. એક ધંધા સમિતિની મિટીંગમાં મને જાણવા મળ્યું કે, વેપારી કે કોન્ટ્રાકટર પાસે પોતાનાં કામનો ભાવવધારો કેવી રીતે માંગવો.

'ANASOOYA' R.N.I. No. 54903/82 Permitted to post at Ahmedabad P.S.O. On
F/N Basis publisher Date on the 6th & 22nd every month under Postal Regd. No. GAMC-581/2024 Ahmedabad P.S.O. 6-7-26

આ માહિતીના આધારે દિવાળીના સમયે મેં મારા વિસ્તારની મારી જેવી ૨૫ સિલાઈ કામદાર બહેનો સાથે મળીને કુશન કવર સીવવાના કામના ભાવવધારા માટે સબ-કોન્ટ્રાકટર સાથે વાત કરી.'

'અમે કુશન કવર સીવવાનું કામ કરીએ છીએ, જેમાં એક નંગ સીવવાના અમને ફક્ત એક રૂપિયો મળતો હતો. ભાવવધારાની માંગણી કરતાં કોન્ટ્રાકટરે શરૂઆતમાં ચોખ્ખી ના પાડી દીધી. ત્યારબાદ 'સેવા'ના આગેવાન બેનો અમારી સાથે કોન્ટ્રાકટરને મળવા આવ્યા અને સમજાવવાનો પ્રયાસ કર્યો, પરંતુ તેમ છતાં કોન્ટ્રાકટર તૈયાર ન થયા. આખરે, અમે બધી બેનોએ નક્કી કર્યું કે જ્યાં સુધી ભાવવધારો નહીં મળે ત્યાં સુધી કામ બંધ રાખીશું. પાંચ દિવસ સુધી અમે બધાં બેનોએ કામ બંધ રાખ્યું. અમારી એકતા જોઇને પાંચ દિવસે કોન્ટ્રાકટર પોતે અમારા વિસ્તારમાં માલ લઈને આવ્યો અને એક નંગ દીઠ ૨૫ પૈસાનો વધારો આપવા સંમત થયો. આ રીતે કુશન કવરના એક નંગ પર અમને ૨૫ પૈસાનો વધારો મળ્યો.'

શીતલબહેન ભાવવધારાની વાત ઉત્સાહભેર જણાવતાં વધુમાં કહે છે, 'પહેલાં હું દરરોજ ૧૦૦ કુશન કવર સીવતી હતી અને રોજની ૧૦૦ રૂપિયાની આવક થતી હતી.

ભાવવધારો મળ્યા પછી મારી રોજની આવક ૧૨૫ રૂપિયા થઈ ગઈ. એટલે કે દરરોજના ૨૫ રૂપિયાનો વધારો થયો. મહિનાને અંતે ૬૫૦ રૂપિયાનો વધારો થયો. આમ, મારા જેવી ૨૫ બહેનોની આવકમાં મહિને ૬૫૦ રૂપિયાનો ચોખ્ખો વધારો થયો. આ સંગઠનના બળના લીધે જ થયું.'

'આ અનુભવથી અમને સમજાયું કે જ્યારે કામદાર બેનો સંગઠિત થાય છે, પોતાના હક વિશે જાણે છે અને સાથે મળીને અવાજ ઉઠાવે છે, ત્યારે સાચું અને સારું પરિવર્તન લાવી શકાય છે. 'સેવા' સાથે જોડાઈને અને નિયમિત મીટિંગોમાં ભાગ લઈને અમે વધુ આત્મવિશ્વાસુ અને સશક્ત બન્યા છીએ. આ ભાવ વધારો અમારી એકતા, હિંમત અને સંગઠનની શક્તિનું જીવંત ઉદાહરણ છે.'

**- અનિશા**

❑

**Place to Send Subscription :**

**Shree Mahila SEWA Anasooya Trust**

SEWA Reception Centre, Opp. Tilak Baug, Bhadra, Ahemedabad - 380001 (Phone : 255 06 444, 255 06 477)
Please Visit our website : www.anasooya.org Email : mail@anasooya.org, iasew1905@gmail.com

Printed and Published by NAMRATA BALI on behalf of Shree Mahila SEWA Anasooya Trust and Printed at Printwell, Celler, Deep Appartments, Shahpur Bahai Centre, Ahemedabad - 380 001 and Published from SEWA Reception Centre, Opp. Tilak Baug, Bhadra, Ahemedabad - 380001. Editor - NAMRATA BALI

**અનસૂયા** 6-7-26

સેવા રિસેપ્શન સેન્ટર
ટિળક બાગ સામે, ભદ્ર,
અમદાવાદ - 380 001

[redacted]